## બાયડ મુસ્લિમ સમાજનું ગૌરવ



બાયડ, તા. ૯

ચાલુ સાલે લેવાયેલ બી.એડની પરીક્ષામાં બાયડના સારસ્વત હાઈસ્કુલના અચાર્ય અને વારેણા પ્રાથમીક શાળાના આચાર્ય ઝુબેદાબેન મીરજાના સુપુત્ર બલોચ મોહીનખાન અહેમદખાન દ્વારા હાલમાં લેવાયેલ બી.એડની પરીક્ષાના બીજા સેમેસ્ટરમાં ૮૪ ટકા ગુણ પ્રાપ્ત કરી કોલેજનું તેમજ સમાજનું ગૌરવ વધારવા બદલ કોલેજના ટ્રસ્ટી એમ.કે.મીરઝાં તથા મનુભાઈ પટેલ, આચાર્ય શૈલેષભાઈ ભરવાડ તેમજ સમાજના આગેવાનોએ વિરાટ સિદ્ધિ હાસલ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## બાયડ શહેર કોંગ્રેસના મહામંત્રી તરીકે નીમણૂંક કરાઈ



બાયડ શહેર કોંગ્રેસના સંગઠનને વધુ મજબુત બનાવવા માટે બાયડ શહેર કોગ્રેસના પ્રમુખ દીનુભાઈ પટેલે બાયડ શહેરના મહામંત્રી તરીકે પરેશભાઈ લવજીભાઈ પટેલની નીમણુક કરી હતી. આ નીમણુક બાયડ શહેર કોગ્રેસના આગેવાનોએ વધાવી લીધી હતી અને પરેશભાઈને મહામંત્રી બનવા બદલ અભીનંદન પાઠવ્યા હતા.

# આજે હિંમતનગરમાં કર્મચારી મંડળોની રેલી અને મહાસભા યોજાશે

હિંમતનગર, તા. ૯

રાજ્યના કર્મચારી મંડળો દ્વારા કર્મચારીઓને સ્પર્શતા પ્રશ્નો અન્વયે રાજ્યવ્યાપી શરૂ થયેલા કાર્યક્રમ અન્વયે ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિના નેજા હેઠળ તમામ સંવર્ગોને સ્પર્શતા પડતર પ્રશ્નો માટે આજે તા. ૧૦ જુલાઈ-૨૦૧૨ને મંગળવારને બપોરે ૧.૩૦ કલાકે હિંમતનગર છાપરીયા ચાર રસ્તાથી રેલી તા ઉત્સવ પાર્ટી પ્લોટ ખાતે મહાસભા યોજાશે.

મળતી માહિતી અનુસાર સંકલન સમિતિ દ્વારા સરકાર સમક્ષ લગભગ તમામ સંવર્ગોને પડતર પ્રશ્નો બાબત અવારનવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતા પણ સરકારે કર્મચારીઓના પડતર પ્રશ્નો પ્રત્યે ગંભીરતાપૂર્વક નિર્ણય લેવામાં તેમજ સમાધાન મુજબ પરિપત્રો-ઠરાવો કરવામાં પાછી પાની કરી છે. છેલ્લા ઘણા સમયથી પડતર પ્રશ્નો અંગે કોઈ નક્કર પરિણામ ન આવતા સમિતિ દ્વારા સમગ્ર રાજ્યમાં આંદોલનાત્મક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે જે અન્વયે ચોટીલા, ભરૂચ, રાજકોટ અને ગાંધીનગરની જાહેર સભાઓ તથા ગાંધીનગરના એક દિવસના પ્રતિક ઉપવાસ બાદ આજે બપોરે ૧.૩૦ કલાકે જાહેર સભાનું આયોજન કરાયું છે.

આ સભામાં છાપરીયા ચાર રસ્તાથી કર્મચારીઓ એકત્રીત થઈ રેલી સ્વરૂપે મહાવીરનગર ચોકડી થઈ ઉત્સવપાર્ટી પ્લોટ આવશે. અહીયા રાજ્ય, પંચાયત, ઓફિસર ફેડરેશન, બોર્ડ નિગમ શિક્ષક સંઘ, મહાનગરપાલિકાઓ વર્ગ-૪ સહિતના કર્મચારીઓ ઉપસ્થિત રહેશે. જેને કર્મચારી સંકલન સમિતિના આગેવાનો સંબોધશે તો સર્વે વર્ગ-૧ થી ૪ તથા રોજમદાર સુધીના સંવર્ગને સ્પર્શતા પ્રશ્નો અન્વયે કર્મચારીઓને ઉપસ્થિત રહેવા આર.એચ. પટેલ અને પ્રભાતસિંહ દેવડાએ અનુરોધ કર્યો છે.

# બાયડ નગરપાલિકાના સફાઈ કામદારો હડતાળ ઉપર ઉતરી જતાં બાયડ શહેરમાં ગંદકીના ઢગ ખડકાયા



બાયડ, તા. ૯

બાયડ નગરપાલિકાના સફાઈ કામદારો બુધવારે અચાનક નગરપાલિકા દ્વારા કરાયેલ મુકાદમની નીમણુકને લઈને હડતાડ ઉપાર ઉતરી ગયા છે જેને લઈને તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

આ સફાઈ કામદારો સફાઈ ઉપર ઉતરી જવાને કારણે બાયડ શહેરમાં સફાઈ કામગીરી અટવાઈ પડી છે. ત્યારે હાલ નગરપાલિકાના પ્રમુખ જગદીશભાઈ પટેલ દ્વારા જયાં સુધી આ હડતાળનો નીવેડો ના આવે ત્યાં સુધી અત્યારે કામચલાઉ સફાઈ કામદારોની નીમણુક કરી બાયડ શહરેમાંથી ગંદકી દુર કરવાના પ્રયાસો હાથ ધર્યા છે.

જયારે હડતાળ ઉપર ઉતરેલા સફાઈ કામદારોએ પ્રાંત અધિકારીને લેખીતમાં કરેલી રજુઆત મુજબ નગરપાલિકા દ્વારા નીયુકત કરવામાં આવેલ મુકાદમ અમીત સોલંકીના વર્તનને લઈને કામદારો હડતાળ પર ઉતરી ગયા છે. જયારે સફાઈ કામદારોએ મુલાકાતમાં જણાવ્યુ હતુ કે નગરપલિકા દ્વારા નીયુકત કરેલ મુકાદમ અમીત સોલંકી ખાનગી કામ રાખી પૈસા લઈ કામદારોનુ શોષણ કરે છે. ત્યારે આજે આ સફાઈ કામદારોની હડતાળને લઈને આજે છ દીવસ જેટલો સમય વિતવા આવ્યો છતા પણ હજુ સુધી સફાઈ કામદારોની માંગણી ન સંતોષાતા સફાઈ કામદારો મુકાદમ બદલવાની પોતાની માગણીને લઈને અડીખમ છે જયારે નગરપાલિકા દ્વારા હાલ વૈકલ્પિક સફાઈ કામદારોની નીમણુક કરેલ છે.

# પતિએ પત્નીને પિયરમાં જ છરીના ઘા મારી રહેંશી નાખી

હિંમતનગર, તા. ૯

વિજયનગર તાલુકાના ટોકરા વસાહતની પરણીતાનું તેના જ પિયર પરોસડામાં પતિએ નજીવી બાબતે પેટના ભાગે ક્રૂરતાપૂર્વક છરીના ઘા ઝીંકી હત્યા કરી નાખતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે વિજયનગર પોલીસે આરોપી વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વિજયનગર તાલુકાના ટોકરા વસાહત ગામના ઈશ્વરભાઈ જેઠાભાઈ ઠાકરડા તેમની પત્ની સોનલને પોતાના પાંચ વર્ષના લગ્ન સમયગાળા દરમિયાન એક વર્ષનો એક બાળક અને બે મહિનાનો બીજો એક બાળક એમ કુલ બે બાળકો છે. સોનલબેન બે બાળકો સાથે રવિવારના રોજ પોતાના પિયર પરોસડા ગયા હતા. જ્યાં સાંજે ઈશ્વરભાઈએ તેમની પત્ની સોનલબેનને ટોકરા વસાહત ગામ ઘરે આવવા જણાવ્યું હતું. પરંતુ સોનલબેને ના પાડી હતી. જેથી ઈશ્વરભાઈ રિસાઈને ઘરે જવાનું કહી નિકળી ગયા હતા અને અડધે રસ્તેથી મોડીરાત્રે પાછો ઘરે પરોસડા આવી ફરી તેની પત્ની સોનલને ઘરે આવવાનું કહ્યુ હતું અને સોનલે સવારે જવાનું કહેતા ઈશ્વરભાઈએ ઉશ્કેરાઈ જઈ પોતાના હાથમાં રાખેલ છરી વડે સોનલના પેટના ભાગે ઘા ઝીંકી સ્થળ પર પોતાની પત્નીનું મોત નિપજાવી નાસી ગયો હતો. આ અંગે વિજયનગર પોલીસમથકે પરોસડાના નટુભાઈ કાળાજી પરમારે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. એમ. સી. વાળાએ ઈશ્વરભાઈ જેઠાભાઈ ઠાકરડા વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી ગયેલા હત્યારા પતિને પોલીસે પકડી જેલ હવાલે કર્યો હતો.

# ડીસામાં ગાયત્રી મંદિર પર વાહનોના ખડકલાથી રાહદારીઓ પરેશાન

ડીસા, તા. ૯

ડીસામાં હાઈવે રોડ પર આવેલ ગાયત્રી મંદિર વિસ્તાર તેમજ જલારામ મંદિર વિસ્તારમાં નિત્ય આડેધડ વાહનોના પાર્કિંગે અને ટ્રાફિક નિયમન કરતા ટ્રાફીકમેનોની ગેરહાજરીને લીધે ચક્કાજામ સ્થિતિ સર્જાય છે, જેનાથી રાહદારીઓ ભારે હાલાકી વેઠી રહ્યા છે.

જેની વિગતો જોઈએ તો ગાયત્રી વિસ્તારમાં મોટા ભાગે હોસ્પિટલો આવેલ છે. જેમાં રાજસ્થાન અને અન્ય પ્રાંતોમાંથી તેમજ ગ્રામીણ વિસ્તારોમાંથી દર્દીઓ ઉભરાતા હોઈ અહીં આડેધડ વાહનો પાર્કીંગ થાય છે. વળી મુખ્ય રોડની બાજુમાં આવેલ બન્ને સર્વિસ રોડો પર અનઅધિકૃત રીતે ખાનગી વાહનોએ પોતાના જીપ સ્ટેન્ડો બનાવેલ હોઈ આ સર્વિસ રોડો પર ખાનગી વાહનોનો બથામણીયો કબજો યથાવત રહેલ છે. જેનાથી સર્વિસ રોડ પર પણ ચક્કાજામ સર્જાય છે. આ સર્વિસ રોડ પર પણ ચક્કાજામ સર્જાય છે. આ સર્વિસ રોડો પર લારી - ગલ્લા અને પાથરણાંવાળાઓ તેમજ રીક્ષાચાલકોનો અડીંગો જમાવતા સમગ્ર મુખ્ય રોડ તેમજ સર્વિસ રોડો દબાણગ્રસ્ત બનેલ છે. ગાયત્રી મંદિરથી શહેરમાં પ્રવેશવાનો મુખ્ય રસ્તો આવેલ હોઈ ચારેય તરફથી આવતા વાહનો છાશવારે ટ્રાફીક નિયમનના અભાવે કલાકો સુધી અટવાતા અહીં નિત્ય ચક્કાજામ સર્જાય છે. વળી ટ્રાફિક પોઈન્ટ પર ટ્રાફીકમેનો ભાગ્ય જ જોવા મળે છે. જેનાથી થતી ટ્રાફીક સમસ્યા રાહદારીઓ માટે અકસ્માતનું કારણ બનતી હોઈ શહેર પી.આઈ. તેમજ જિલ્લા પોલીસ વડા અશોકકુનમાર યાદવ આ ગંભીરતાથી લઈ યોગ્ય કાર્યવાહી કરી તેવી રાહદારીઓની માંગ છે.

# દિવડી ગામે થયેલ યુવકની હત્યાના કેસમાં આજીવન કેદની સજા ફટકારતી પાલનપુર કોર્ટ

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના દિવડી ગામે ૨ ઓગષ્ટ-૨૦૧૧ના રોજ એક યુવકની બોથડ પદાર્થ ફટકારીને હત્યા કરવામાં આવી હતી. જે અંગેનો કેસ પાલનપુરની ચોથા એડિશનલ સેસન્શ કોર્ટના જજે આરોપીને સખત આજીવન કેદની સજા અને રૂપિયા પાંચ હજારનો દંડ ફટકાર્યો છે.

દાંતા તાલુકાના દિવડી ગામે રહેતા દિલીપ ભેમાજી ઠાકોર અને ગામની કંકુબેન વચ્ચે ઝઘડો ચાલતો હતો ત્યારે રામાજી કાન્તીજી ઠાકોર ત્યાં જતાં તેમના અને દિલીપ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેથી ઉશ્કેરાયેલા દિલીપે રામાજી કાન્તિજીને બોથડ પદાર્થ મારીને સ્થળ પર જ ઢાળી દિધો હતો. બનાવના પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી. દરમ્યાન ઈજાગ્રસ્ત રામાજીને દાંતા રેફરલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડતા માર્ગમાં જ તેમનું પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું. જે અંગે મૃતકના કાકા રામાજી ભીખાજી ઠાકોરે દાંતા પોલીસ મથકમાં દિલીપ ભેમાજી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે અંગેનો કેસ દાંતાની સિવિલ કોર્ટમાંથી પાલનપુરની સેસન્શ કોર્ટમાં કમિટ થતાં ચોથા એડિશનલ સેશન્સ જજ એમ.એમ. ગાંધીની કોર્ટમાં ચાલતો હતો જે કેસમાં જિલ્લાના સરકારી વકીલ યુ.બી. આચાર્યએ દલીલો કરતાં તે દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખીને આરોપી દિલીપને હત્યાના ગુનામાં તકસીરવાર ઠેરવ્યો હતો અને સખ્ત આજીવન કેદની સજા તેમજ રૂ. પાંચ હજારનો દંડ ફટકાર્યો હતો.

# હિંમતનગરમાં ટેસ્ટટ્યૂબ બેબી પદ્ધતિનો અમલ કરતાં ડૉ. હિતેશ પટેલ

હિંમતનગર, તા. ૯

૨૧મી સદીમાં કાળા માથાનો માનવી ચંદ્રને ખોળે જ આવ્યો છે



ત્યારે તાજેતરમાં જ વિજ્ઞાનીઓએ ગોડ પાર્ટીકલ શોધ્યો હોવાનો દાવો કર્યો છે અને મેડીકલ સાયન્સ મૃત માનવીમાં જીવ મુકવા માટે મથી રહ્યો છે. તો બીજી તરફ હજુ પણ અનેક લોકો ખોળાનો ખુંદનાર મેળવવા માટે પથ્થર એટલા દેવ, દવા ને દુવા કરતા થાકતા નથી. ત્યારે હિંમતનગરના જાણીતા ડૉ. હિતેશ પટેલે ટેસ્ટટ્યૂબ બેબી પદ્ધતિને હિંમતનગરના આંગણે લાવવાનું સાહસ કર્યું છે એટલુ જ નહી પણ તેમની સેવાઓની નોંધ પણ લેવાઈ છે.

હિંમતનગરના જાણીતા ડૉ. હિતેશ પટેલની તાજેતરમાં જ કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ગાયનેક ક્ષેત્રે તેમની હોસ્પિટલની પસંદગી કરાઈ છે. અને તેને આઈ.એસ.ઓ. ૯૦૦૧-૨૦૦૮નું પ્રમાણ પત્ર પણ મળ્યું છે. જેના આધારે તેઓએ જરૂરીયાતમંદો માટે હિંમતનગરમાં ટેસ્ટટ્યૂબ બેબીની થીયરીને આધાર ગણી સગવડ આપવાનું ચાલુ કર્યું છે. આ સંદર્ભે ડૉક્ટરના જણાવ્યા મુજબ દર્દીની જરૂરીયાત મુજબ મેડીકલ પદ્ધતિથી સારવાર આપવામાં આવશે.

એટલું જ નહી પણ લાંબા સમયથી કુળદિપકની ઝંખના કરતા યુગલને તેમની જીજીવિષા પૂર્ણ કરવા ટેસ્ટટ્યૂબ બેબીને માધ્યમ બનાવ્યું છે. તેમાં ૩૫ વર્ષથી વધુ ઉંમરના યુગલોનો પણ ઉપચાર કરવામાં આવશે. જે મહિલાઓને ગર્ભ ન રહેતો હોય તેવા કેસમાં પણ માર્ગદર્શન આપવામાં આવશે. ટેસ્ટટ્યૂબ બેબીની પદ્ધતિમાં સફળતા ન મળે તેવા કેસમાં આઈવીએફના પ્રથમ ચાર પ્રયત્નમાં પ્રેગનન્સી ન રહેતા પાચમાં પ્રયત્નથી પ્રેગનન્સી રહે ત્યાં સુધી ટ્રીટમેન્ટ કરવામાં આવશે. ગાયનોક તબીબી ડૉ. હિતેશ પટેલ દ્વારા દૂરબીનથી ગર્ભાશયના ઓવરેશન કરવામાં આવે છે. જેનો બે હજારથી વધુ દર્દીઓએ જરૂરીયાત મુજબ લાભ લઈને સારા પરિણામો મેળવ્યા છે.

# ડીસાના અમૃતનગર વિસ્તારમાં લાખોની ચોરી

ડીસા, તા. ૯

ડીસા શહેરમાં છેલ્લા ઘણા સમયથી ચોરીની ઘટનાઓ એકદમ સામાન્ય બની ગઈ હોય તેમ એક પછી એક ઘરફોડ ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે. પરંતુ હવે તસકરોએ તેમની ચોરી કરવા માટે ટાર્ગેટ બદલ્યા હોય તેમ શહેરની સોસાયટી વિસ્તારોને નિશાન બનાવીને ચોરીની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે.



ડીસા શહેરમાં તસકરોનો આતંક ચરમસીમાએ પહોંચી ગયો છે અને આ વાતની ગવાહી પુરી પાડી રહ્યું છે. જેમાં ડીસાની સિલ્વર પાર્ક સોસાયટીમાં એક દિવસ પહેલા અંદાજિત દોઢ લાખની ચોરીને અંજામ આપતા અજાણ્યા તસકરોના આતંક વચ્ચે પુનઃ ગત રાત્રે અમૃતનગર વિસ્તારમાં એક બંધ મકાનને તસકરોએ નિશાન બનાવી લાખોની ચોરીને અંજામ આપેલ છે. આ ચોરીની વિગતો જોઈએ તો ડીસા શહેરના પાલનપુર હાઈવે વિસ્તારમાં આવેલા અમૃતનગરમાં રહેતા પ્રહલાદજી ધનાજી પ્રજાપતિ જે ૪ દિવસથી મુંબઈ મુકામે પોતાની પરિવાર સાથે ગયા હતા ત્યારે ગત રાત્રીના સુમારે કોઈ અજાણ્યા તસકરોએ આવી દરવાજાનું તાળું તોડી અંદરના રૂમમાંથી તિજોરીમાંથી રોકડ રકમ રૂ. ૨૫૦૦૦ અને સોના-ચાંદીના દાગીના ચોરી કરી ફરાઈ થઈ ગયા હતા.

બાદમાં ડીસા શહેર પોલીસ મથકે જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે આવી પંચનામું કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે આ ચોરી બાબતે મકાન માલિકને ટેલીફોનથી જાણ કરાતા અને થયેલ ચોરીમાં મકાનમાં કેટલી માલમતા હતી તે બાબતે પુછપરછ કરતા મકાન માલીક નારણજી ધનાજી પ્રજાપતિએ તેમના મકાનમાં તિજોરીમાં અંદાજિત સોળ તોલા સોનું છ કિલો ચાંદી તેમજ પચીસ હજાર જેટલા રોકડા રૂપિયા રાખેલ હોવાનું જાહેર કર્યું હતું.

## જાહેર નિવિદા

**કચેરીની TDS સંબંધી ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરવા તથા ફોર્મ-૧૬ ઈસ્યુ કરવાની સેવા પૂરી પાડવા અંગે**

ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૧-૨-૮/૭મા માળે, ગાંધીનગર ખાતેની ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરીમાં "કચેરીના કર્મચારીઓને ચૂકવવામાં આવતાં પગાર ભથ્થા તથા અન્ય એજસ્નીઓને ચુકવવામાં આવતી રકમમાંથી કાપવામાં આવતો ઈન્કમટેક્ષ (TDS) સંલગ્ન કામગીરી જેવી કે Form 24Q, 26Q ફાઈલ કરવા, ફોર્મ 16, 16A તૈયાર કરવા તથા અન્ય સંલગ્ન કામગીરીની સેવા પૂરી પાડવા માટે ફક્ત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પેઢી / વ્યક્તિ પાસેથી ઠરાવેલા નમુનામાં ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી માંગવામાં આવે છે."

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાક વચ્ચે તા. ૧૯-૭-૨૦૧૨ સુધીમાં ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરી ખાતે અરજી સાથે ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના નામનો રૂ. ૨૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેક (એકાઉન્ટ પેઈ) સ્વરૂપે (પરત નહિ ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ ૯-૭-૨૦૧૨**
**માહિતી/૮૦૨/૧૨-૧૩**

**નાયબ નિયામક (વ)**
**ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતુ**
**ગાંધીનગર**

## ધનસુરા ગોકુલ નાથજી મંદિરમાં સૌરંગી હિંડોળા

ધનસુરા, તા. ૯

ધનસુરા ગોકુળ નાથજી મંદિરમાં સૌરંગી હિંડોળા શરૂ થતાં વૈષ્ણવોની ભીડ જામે છે. સૌરંગી હિંડોળામાં રોજ મંદિરમાં ભજન કીર્તિનની રમઝટ જામે છે. મંદિરમાં સેવા આપતા મુખ્યાણી આશાબેન ટ્રસ્ટના પ્રમુખ પિયુષભાઈ શાહ અને કારભારી રસિકભાઈ શાહના પ્રયત્નોથી વિવિધ હિંડોળા ગોઠવાય છે.

## ધનસુરા પીપલ્સ કો.ઓ. શરાફી મંડળીના સામાન્ય સભા યોજાઈ

ધનસુરા પીપલ્સ કો.ઓ. શરાફી મંડળની સામાન્ય સભા ચેરમેનશ્રી જયંતીલાલ વી. શાહના અધ્યક્ષપદે યોજાયેલ હતી. વાઈસ ચેરમેન રજનીભાઈ શાહ તથા શરાફી મંડળીના ડીરેકટરો, ગ્રામજનોના સહકારથી ૨૦૦થી વધુ સભાસદો બનાવી મંડળી પ્રગતિ કરે છે. લોકરની પણ સુવિધા કરેલ છે.

## ધનસુરામાં એમ.ડી. તબીબની જરૂરિયાત

ધનસુરા પંથકમાં હદયરોગ, ડાયાબીટીશ, બીપીની અંદાજે ૫૦૦૦ જેટલા દર્દીઓ છે. તાલુકામાં ૨૦ થી વધુ ખાનગી દવાખાના છે. સરકારી રેફરલ હોસ્પિટલ છે. આમ છતાં ગંભીર બિમારી આવે ત્યારે એકપણ એમ.ડી. ફિઝીશીયન ન હોવાથી દર્દીઓ મોડાસા કે બાયડ ખસેડવા પડે છે. દર્દીની ગંભીર પરિસ્થિતિમાં રસ્તામાં જ દર્દીની જિંદગી ટૂંકાવી દેવી પડે છે તો એમ.ડી. ફિઝીશીયનની જરૂર છે તેમ લોકોની પ્રબળ માંગણી છે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન